સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ ના
ધોરણ ૧ થી ૭ મા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને
આપવામાં આવતી ગણવેશ સહાયમાં વધારો
કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૧/૧૨૫૯/ન.બા./અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 10 APR 2012

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૦-૪-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૧/૩૫૨/ન.બા..૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૨/૧૨/૨૦૧૧ નો પત્ર ક્રમાંકઃવિજાક/શિક્ષણ/ન.બા./૨૦૧૧-૧૨/૫૩૭૬

**ઠ રા વઃ-**

સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ ના ધો. ૧ થી ૭ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવા અંગેની યોજના અમલમાં છે. જે અન્વયે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના તા. ૨૦-૪-૨૦૧૧ ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ ના ધો. ૧ થી ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ. ૨૦૦/- ગણવેશ સહાય આપવામાં આવે છે. તેમજ આ યોજનામાં વિધાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં ૨૫,૦૦૦/-ની છે. જેમાં વધારો કરવા અંગે વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના તા. ૨/૧૨/૨૦૧૧ ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ કરેલ દરખાસ્ત અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ ના ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને આપવામાં આવતી ગણવેશ સહાય રૂ. ૨૦૦/-ના બદલે રૂ. ૩૦૦/- કરવા તથા આ યોજના માટે વિદ્યાર્થીના વાલીની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૨૫,૦૦૦/- છે તેના બદલે ગ્રામ્ય વિસ્તારમાં ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૩૬,૦૦૦/- કરવાનું નકકી કરવામાં આવે છે. અને આ માટે વર્ષ ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ. ૨૬૨૫.૦૦ લાખની જોગવાઇનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ ખર્ચ તા. ૧/૪/૨૦૧૨ થી કરવાનો રહેશે.

(૨) નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને સને ૨૦૧૨-૧૩ ના

વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.

(૩) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

(૪) આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

(૫) ગણવેશ અંગેનો ડ્રેસ કોડ શિક્ષણ વિભાગ ધ્વારા નકકી કરાય તે મુજબ રાખવાનો રહેશે.

(૬) યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુજાતિ/અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ મુખ્ય પેટા સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, (૦૭) બીસીકે-૮૫ ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને મફત પુસ્તક અને ગણવેશ (સા.શૈ.પ.વ.) સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં )ની તા. ૨૮-૩-૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ. જે. મનસુરી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.